مِشْكٰوةُ الْهَادِي
MISHKAAT UL HUDA



મીલાદે તૈયેબી મુબારક - ૪/૪/૧૪૩૬

૯૧૨ /૮૫

સાલ : ૧૨ / સિલસિલાવાર નંબર : ૧૨૨ / શુમારો : ૨ કુલ પાના - ૧૨

MISHKAAT UL HAADI

مِشْكٰوةُ الْهَادِي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. રબીઉલ અવ્વલ-રબીઉલ આખર ૧૪૩૬ / જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૧૫

સતરની અહેમીયત

✳ **સતર શું છે અને તેનો દૌર :**

સતર કરવું યાઅની ઢાંકવું. જે ચીઝની અહેમીયત ઝીયાદહ હોય તેને ઢાંકવામાં આવે છે. એવા લોગોથી પણ કોઈ ચીઝને ઢાંકીને છુપાવવામાં આવે છે કે, જેને તે જોવાને લાયક અને હક્કદાર ન હોય. અલ્લાહતઆલાએ બૈરોની શરમો હયાના આઅઝાને ઢાંકવાનો હુકમ કીધેલો છે, જેથી તેની ઈસ્મતો ઈફ્ફત બરકરાર રહે અને એક ઔરતનાં માઅના બરાબર અદા થાય. દાઅવતે હક્કની તારીખમાં સતરના લફ્ઝની ઘણી જ અહેમીયત છે. ઈસ્માઈલી તૈયેબી દાઅવતના અકીદાઓના રૂએ અને એની નઝાકત અને અસલીયતને ગૈર-હક્કદારથી છુપાવવાની દલીલ લઈને "સતર" ના લફ્ઝનો ઈસ્તેમાલ ઘણા મોડ પર બયાનોને દરમિયાન થાય છે. પહેલા તો અબુલ બશર મૌલાના આદમ સફીયુલ્લાહ (અ.સ.) ની ઝિકમાં જ એમ બયાન થાય છે કે, આપ દૌરે સતરના પહેલા નબી છે.

ઈમામી મસનદ પરથી જે વક્ત સાહેબે દાઅવત, અંબિયા (અ.સ.) ના સિલસિલાના બયાનાત મુમેનીનને દરમિયાન ફરમાવે છે તો દૌરે સતરની ઝિક ફરમાવે છે કે, જે દૌર સાત હઝાર વરસનો છે અને અંદાઝે હર એક હઝાર વરસમાં એક નબીએ નાતિકનો દૌર રહે છે. મૌ. આદમ (અ.સ.) થી મૌલાના કાઈમુલ કેયામહ (અ.સ.) તક સાત હઝાર વરસનો દૌરે સતર છે, જેમાં શરીઅતનાં ઝાહેરી માઅના જ બયાન થાય છે અને એના ઝાહેરી પહેલૂ અને અહકામો ફરમાન પર તવક્કુફ આપવામાં આવે છે. તેનાં બાતિની માઅના અને તાવીલી પહેલૂને આમ સમઝ લોગોથી સતરમાં યાઅની કે પડદામાં રાખવામાં આવે છે, **તેથી આ દૌરને દૌરે સતર કહે છે, જે મૌલાના કાઈમુલ કેયામહ (અ.સ.) ના ઝુહૂર તક જારી રહેશે.** એક માઅનામાં દૌરે સતરની દાઅવતે હક્કને ઝાહેરી દાઅવત કહેવામાં આવે છે. જે કોઈ દાઅવતે હક્કમાં શામિલ થાનાર, લબ્બૈક કહેનાર, મુસ્તજીબ મુમિન ઈલ્મો માઅરેફતના તબકાઓમાં ઉપર ચઢે અને બલંદી હાસિલ કરે, તેને જ ઈલ્મે તાવીલો હકીકતનાં જવાહિરથી નવાઝવામાં આવે છે.

✳ **દાઅવતનો નિઝામ અને સતર :**

સૈયેદના ઈદરીસ ઈમાદુદ્દીન સાહેબ (આ.કુ.) ઈત્લાકની દાઅવતનાં ૧૯ માં દાઈએ હક્ક હતા. આપે આપની **કિતાબ ઉયૂનુલ અખબારમાં** દૌરૂસ્સતરમાં ઈમામ કયા ઝમાનમાં પડદે થયા એની તફસીલવાર ઝિક ફરમાવેલી છે. આપ સૈયેદના અદાઈલ અજલ્લ સૈ. જાઅફર બિન મન્સૂરિલ યમન (ર.અ.) ના કૌલ તહેરીર ફરમાવે છે કે, જે વક્ત ઈમામની પરદગી-ઈસ્તેતાર વાકેઅ થાય છે તો આપની દાઅવત જહાનમાંથી અછત નથી થાતી. બાર જઝીરાઓમાં કોઈપણ એક જઝીરામાં નસ કરનાર ઈમામ અને જે સાહેબ પર નસ થઈ હોય તેના અમરથી દાઅવતના ઊમૂર કાઈમો દાઈમ રહે છે, આ દાઅવતનો વુજૂદ તેના હુદૂદના વુજૂદથી છે કે, જેઓ ઈમામ તરફ દાઅવત કરે છે અને તેના તરફ લોગોને લઈ જાય છે. તેઓ જ દાઅવતના મનાસિક, ફરઝો, સુન્નતો, હલાલ અને હરામને સમઝાવે છે અને શરીઅતની પાબંદીના સબકો આપે છે. આ દાઅવતનું કાઈમ થાવું તીન મરતબાઓના વુજૂદથી જ છે, તે દાઈએ મુત્લક, માઝૂને મુત્લક અને મુકાસિરે મુત્લકના રૂત્બાઓ છે. ઈમામ સાથે આપના બાબ, હુજ્જતો અને દોઆતે બલાગ કોઈપણ હાલતમાં જુદા થાતા નથી અને તેઓ ઈમામના ઈસ્તેતાર સાથે પડદામાં જ રહે છે.

(બકીયાહ પેજ નં. ૨ પર)

तवल्ला करवुं याअनी साहेबे हक्क साथे वलायत राखवी ते ईमानी चहेरानी आँख छे.

(પેજ નં. ૧ નું બાકી)

જેમ રાત બાદ દિન આવા જ કરે છે અને અલ્લાહતઆલાએ રાતને દિનમાં અને દિનને રાતમાં જે સિલસિલા-વાર ગોઠવી દીધી છે કે એક પુરૂં થાય કે બીજાની શુરૂઆત થઈ જ જાય છે, એ બન્નેમાં કોઈ ફાસલો અને ખલલ હોતો નથી. એકની સાથે બીજું જોડાયેલું રહે છે, તે જ મુજબ અલ્લાહતઆલાએ દૌરૂસ્સતરમાં ઝુહૂર અને પડદાપોશીનો ઝમાનો મુકેલો છે. **મૌલાના આદમ (અ.સ.) ના ઝમાનથી મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તક હરએક નબીએ-નાતિકનાં ઝમાનમાં વસીની ઓલાદમાં ઈમામોમાં ઈસ્તેતાર વાકેઅ થયા જ કરે છે.** રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ બાદ ૧૪૨૬ વરસની મુદ્દતે દરાઝમાં ઈમામ હુસૈન (અ.સ.) ની ઝુર્રીયતે તાહેરહનાં ફાતેમી ઈમામો દુશ્મનોના ગલબા અને ઝાલેમીનનાં ડરથી પડદામાં રહેલા છે.

મૌલાના ઈમામ હુસૈન (અ.સ.) ની કરબલામાં શહાદતે ઉઝમા બાદ આલે મોહંમદ (અ.સ.) ના સિલસિલામાં અઈમ્મત પર ઝાલિમ બનુ ઉમૈયહ અને તે બાદ બનુલ અબ્બાસનો દુનિયાએ દુનીની હુકૂમત અને માલો મતાઅ વાસ્તે ગલબો વધતો ગયો. તે સબબ આ ઝાલિમ બાદશાહોના મદદગારો અને સાથીદારો માલો-ઝર અને દુનિયાની રિયાસતો કિયાદત હાસિલ કરવા તેઓની ખુશામદ કરવા લાગા. ઈસ્લામી ઉમ્મતના ખાકાને આ બદ્દીનોએ સલતનત અને હુકૂમતની લાલચમાં તબદીલ કરી નાંખો. હક્કના ઈમામોના મદદગારો અને નાસિરોની કિલ્લત-અછતથી અઈમ્મત પર મહેનત, ઝૌર, ઝુલ્મ અને મુસીબતો બલાના પહાડ તૂટી પડા. દુનિયામાં આલે મોહંમદના ઈમામે હક્કનો વુજૂદ આ દુનિયાવી હાકિમો અને બાદશાહોને ખૂંચવા લાગો. વક્ત અને ઝમાનની બેવફાઈ, દુનિયા-તલબી તરફ દૌડ અને બાતિલ-કાઝિબ લોગોની બોલબાલાના સબબ અઈમ્મતે ફાતેમીયીને પોતાની હસ્તી-વુજૂદ અને હાઝરી પર પડદાની ઢાલ ઘણી સખ્ત કરી નાંખી.

✳ **શહાદતે ઈમામ હુસૈન (અ.સ.) બાદ સતરનો દૌર :**

વાકેયએ કરબલા બાદ મૌ. ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) થી મૌ. ઈસ્માઈલ બિન મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ના ઝમાન તક તો ઈમામ કયા શહેરમાં અને ઘરમાં તશરીફ ફરમાઁ છે, એ દાઅવતે હક્કનાં શીઆ-અકીદતમંદો જ જાણતા હતા. પણ મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) એ પોતાની ઝિંદગીમાં જ મૌ. ઈસ્માઈલ (અ.સ.) ના ફરઝંદ મૌ. મોહંમદ બિન મૌ. ઈસ્માઈલને દૂરો દરાઝ ઈલાકામાં હિજરત કરી જાવાનું ફરમાન કરી દીધું, જેથી બનુલ અબ્બાસના ઝાલિમ અને આલે મોહંમદ વાસ્તે દિલના બાગિઝ અને હાસિદ બાદશાહોની બુરી નઝર, ગદ્દારી, કાવાદાવાઓ અને મકરબાઝીથી ઈમામ મહેફૂઝ રહે અને પડદામાં પણ ઈમામતનો કલેમો બાકી રહે. આ ઝમાનએ સતરમાં દાઅવતે ઈસ્માઈલીયહના તાબેઈન અને મોઅતકેદીનને ઘણું બરદાશ્ત કરવું પડું, કેમકે, મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ના ઈન્તેકાલ પુરમલાલ બાદ આપના દરેક ફરઝંદે ઈમામ હોવાનો દાઅવો કરી દીધો. પણ દરઅસ્લ ઈમામ સાદિક (અ.સ.) તો આપના ફરઝંદ ઈમામ ઈસ્માઈલ (અ.સ.) ના વફાત બાદ મદીનામાં આપના પોતા મૌ. ઈમામ મોહંમદ બિન ઈમામ ઈસ્માઈલ પર નસ કરી ચુકા હતા. આની માઅલૂમાત અબુદ્દવાનીક અલ મન્સૂર અબ્બાસી ખલીફાને થઈ ચુકી હતી અને ઈમામ સાદિકને એ ખૌફ સતાવતો હતો. મારા ફરઝંદના ફરઝંદ જે ઈમામતે ઈબ્દાઈયહ હુસૈનીયહના માલિક છે એને આ અબુદ્દવાનીક કત્લ કરી નાંખશે. તેથી આપના એક નાના ફરઝંદ મુસા કાઝિમને ઈમામ મોહંમદના હિજાબ મુકર્રર કીધા. જેથી આ અબ્બાસી ખલીફાઓ ગલતફહેમીમાં ગિરફ્તાર રહે અને હક્કના ઈમામ પડદામાં રહીને કારે ઈમામતનો નિઝામ હુઙ્કમતે જઝીરા અને તેના દોઆતે બલાગના ઝરીઆથી ચલાવતા રહે.

તે બાદનો ઝમાન ઘણો જ આઝમાઈશ અને કસૌટીનો હતો. ઈમામ અને ઈમામતના દુશ્મનો અલ્લાહના નૂરને જહાનમમાંથી મિટાવવાની હર મુમ્કિન કોશિશ કરતા રહે છે. પણ અલ્લાહતઆલા તે દુશ્મનોની હીલાબાઝી અને તદબીરોને બાતિલ કરી નાંખે છે અને ઈમામતના કલેમાને નૂર અને ઈલ્મની નેઅમતથી મહેફૂઝ રાખે છે. ઈમામ મોહંમદ બિન મૌ. ઈસ્માઈલ (અ.સ.) ના વફાત બાદ **તીન મસ્તૂરીન ઈમામોનો સિલસિલો જરીયા સારીયહ રહ્યો અને તકરીબન આ ઝમાન દોઢસો વરસ તક યાઅની ૧૪૮ હિ. થી ૨૯૭ હિ. તક કાઈમ રહ્યો,** જેમાં ઈમામતના મોઅતકેદીન અને

(બકીયાહ પેજ નં. ૩૫૨)

તબર્રા કરવું યાઅની સાહેબે હક્કના દુશ્મનોં સાથે છેડો ફાડી નાંખવો તે તવલ્લા પહેલા આવે છે.

(પેજ નં. ૨ નું બાકી)

ઈમામથી વલાયત રાખનાર મુમેનીન પણ ઈમામ આલી મકામની પનાહગાહ, રેહાઈશ અને મસ્કનથી અંજાન હતા. ફક્ત આપના હુજ્જતો, દોઆતો અને ઓલમાએ સાલેહીન જેને ઈમામના મકાનો રેહાઈશની ખબર હતી તેઓ જ મુલાકાતે ઈમામ કરી શકતા હતા. આ સાથે હિકમતના સબબ હરએક હુજ્જત અને દોઆત ઈમામે ફાતેમીની અસલીયત અને હસબ-નસબના નામો લોગોમાં અલગ અલગ ઝાહિર કરતા હતા. જેથી ઝાલિમ બાદશાહો અને આલે મોહંમદના હક્કના ઈમામોના ખૂનના પ્યાસા દુશ્મનો ગલતફહેમી અને ધોકામાં રહે અને ઈમામે હક્ક આપની મરઝી મુજબ શહેર-દર-શહેર, પોતાની માઅરેફત અને ઓલખને છુપાવતા મુકર્રર અને મુન્તખબ કરેલ દોઆતને દરમિયાન ઈમામતની હિદાયતની દાઅવતના અરકાન મુમેનીનમાં મઝબૂત કરતા રહે અને આ મુજબ મુમેનીનનો સિરાતે મુસ્તકીમ પર ગુઝર થાતો રહે.

✳ **મૌ. ઈમામ મહેદી (અ.સ.) નો ઝુહૂર અને મૌ. ઈમામ તૈયેબ (અ.સ.) નો સતર :**


ઈમામના સતર અને ઝુહૂરનો ઝમાન રાત અને દિન મુજબ દૌરૂસ્સતરના સાત હઝાર વરસમાં આવા જ કરે છે. દુશ્મનોની શરારત અને ગલબામાં નરમી આવવાના સબબ ૩૦૦ હિ. ને કરીબ ૧૧ માં ફાતેમી ઈમામ મૌલાના મહેદી બિલ્લાહે, શિમાલી-નોર્થ આફ્રિકામાં ઝુહૂર ફરમાવો અને ફાતેમી ઝાહિરી ઈમામતનો આલમમાં પરચમ બલંદ થયો. ઈમામે આલી મકામ પૂરી હુર્રીયત, આઝાદી, જાહો જલાલ, ઝુહૂરો કમાલ સાથે મુમેનીનને દરમિયાન કાઈમ થયા અને શરીઅતો દીન તરફ હિદાયતનાં પરચમને ઘણા મુલ્કોમાં લહેરાવી, બાર જઝીરાઓમાં પોતાના હુજ્જત-દોઆતને મુન્તખબ કીધા. સાથે સાથે ઈસ્લામી મમ્લેકત અને હુકૂમતને, ઈમાની શેઆર અને શરીઅતે મોહંમદીને બુનિયાદ બનાવીને કાઈમ કીધી. **અઈમ્મતે ફાતેમીયીનનો ઝુહૂરનો ઝમાન ૨૧ માં ઈમામ મૌલાના અબુલ કાસિમ અત્તૈયેબ (અ.સ.) તક આલમમાં મશ્હૂર રહ્યો.** ૨૦ માં ઈમામ મૌ. આમિર (અ.સ.) ની શહાદતે ઉઝમા બાદ આફતાબે ઈમામત પર દોબારહ ગ્રહણ લાગું અને ઝુર્રીયતે ઈમામ હુસૈન (અ.સ.) માંથી મુસ્તકર ઈમામ દોબારહ મિસિરથી પડદે થયા. આ સતરનો ઝમાન ઘણો જ સખત અને દરાઝ છે. આગલા સતરના ઝમાનાઓને બરખિલાફ આ વક્ત ઈમામે ઝમાનાની પનાહગાહની જગા ઈમામને ઘણા જ કરીબ હુદૂદે દાઅવતને પણ માઅલૂમ ન રહી. કેમકે, ૨૧ માં ઈમામે હક્ક આપના તમામ હુદૂદો ફોઝલા સાથે ઈસ્તેતારમાં ચાલા ગયા.

અલ્લાહતઆલાની મશીયત મુજબ છેક ૧૮ માં ફાતેમી ઈમામ મૌ. મુસ્તનસિર (અ.સ.) ના ઝમાનથી જઝીરએ યમનમાં અરકાને દાઅવતને મઝબૂત કરવાની તૈયારી થઈ હતી, તે સબબ ફાતેમી ઈમામતના નાઈબ-મનાબ દાઈએ મુત્લકનો સિલસિલો યમનમાં ૫૩૨ હિ. માં જારીયહ-સારીયહ થયો જે ૯૦૪ વરસના ઈમામી ઈસ્તેતાર બાદ પણ આજે હિન્દુસ્તાનની ઝમીનમાં ૪૪ માં દાઈએ મુત્લક નાઈબે ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની હૈસીયત-મકામમાં હાઝિર મૌજૂદ છે, જે મુમેનીનને હિદાયત તરફ દાઅવત કરી રહ્યા છે.

અલ્લાહતઆલાનો બેઈન્તેહા શુક્ર છે અને અહેસાન પર અહેસાન છે કે, તેએ નઝરના સામે ઈમામની ગૈર-હાઝિરીને બાવુજૂદ દાઈએ મુત્લકના દરજા-રૂત્બામાં તે નૂરો ઈલ્મની તાઈદ, જાહો જલાલ અને રોઅબો કમાલ ઈનાયત કીધા છે. સખ્ત-તર આઝમાઈશના આ દૌરે જેહાલતમાં પણ દાઈએ હક્ક જે અલ્લાહના ઈઝનથી સિરાજુમ્મુનીરની મુજબ ઝમાનામાં કાઈમ છે તે દીગર ઈસ્લામી ગુમ્રાહ-શુદા અને ગુમ્રાહ-કુન મસલકો અને મઝહબોંના એતેકાદના શદીદ અને મુસલસલ હમલાઓને બાવુજૂદ મુમેનીન પોતાના સહી અને હકીકી અકીદા પર કાઈમ રહ્યા છે. હબ્લુલ્લાહ કે જે આ ઝમાનમાં આલે મોહંમદના દાઈએ હક્ક છે તેની ઈતાઅત અને સખુનફરમાઈ કુબૂલ કરીને મુમેનીન શયતાની હમલાઓથી બચીને રહે છે અને અલ્લાહતઆલાએ દાઈએ હક્કને નુસ્રત અને યારી આપીને હક્કના મુમેનીનના મજમાઅને એક કપડાના મુખ્તલિફ ધાગાઓના મજમાઅ જેમ કૌમો જમાઅતને વલાયત અને ભાઈચારાથી બાંધીને રાખા છે, જે હમારી સિદકો સફા અને ઈમાનો યકીનનો કરિશ્મો છે. આ સતરના દૌરમાં, જેમ હક્ક થોડા ચુનંદહ લોગો સાથે જ હોય છે, તેમ હક્ક હમારા સાથે છે અને ઈમામુઝ્ઝમાન (અ.સ.), હુઝુરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ના ઝમાન મુબારકમાં ઝુહૂર ફરમાવે એવી દોઆ સાથે. આમીન યા ખૈરન્નાસેરીન. ✯

तवल्ला साथे तबर्रा पर ज दीने हक्कनी बुनियाद छे.

લફ્ઝી કશ-મ-કશ



❋ **ઉભી તરકીબ :**

૧) જેમ હર શહેરનો દરવાઝો હોય છે તેમ નબી સાહેબના ઈલ્મી શહેરના _____ મૌ. અલી અમીરૂલ મુમેનીન છે. (૨)

૨) ઈન્તેહા થાવી, પૂરૂં થાવું, _____ થાવું. (૩)

૩) કુરઆને કરીમની તે સૂરત કે જેની માઅના વીજલી અને વાદલોના ગડગડાટ સાથે વરસાદ પડવાની થાય છે. (૩)

૭) ૩૨માં દાઈએ મુત્લક સૈ. ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) નું નામ _____ ભાઈ છે. (૨)

❋ **આડી તરકીબ :**

૨) પયામ, પૈગામ . (૩)


૪) ફતેહ, કામિયાબી. (૨)

૫) સાફ દિલથી તૌબા કરો તો ખુદા ઝરૂર મુઆફી _____ કરે છે. (૨)

૬) કુરઆને _____ માં ખુદાતઆલાની અઝમતો જલાલતનું બયાન મૌજૂદ છે. (૩)

૦ સહીહ જવાબ આપનાર : શફીકા ઇકબાલહુસૈન નવસારીવાલા

૦ અલ-હાજ્જ અબ્બાસભાઇ અલીભાઇ દારૂવાલા તરફથી આ કોલમ વાસ્તે હદીયો ઈનાયત કરવામાં આવે છે.



ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-

નોંધ : કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર રબીઉલ આખર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેને એક યાદગાર તોહફાથી નવાઝવામાં આવશે. ✯

ફાયદામંદ ગિઝા

❋ **મધ - Honey**

• ખુદાતઆલા ફરમાવે છે કે, મધમાં લોગો વાસ્તે શિફા છે.

• રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, મધ કુલ્લી તૌર પર શિફા છે.

• અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, મધ જમવા કરતા બહેતર કોઈ ચીઝથી બીમાર શિફાયાબ નથી થાતો. મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, "શું તમારા કોઈ એકને આ વાત રગબત અપાવે છે કે, તમેં જે વક્ત બીમાર થાવ તો તમેં તમારા બૈરોને સવાલ કરો અને બૈરો તમને પોતાની મહેરની રકમ માંથી એક દિરહમ આપે અને તે મહેરની રકમ માંથી મધ ખરીદવામાં આવે અને બારિશના પાની સાથે તમને પીવડાવવામાં આવે." જો આમ હોય તો ઝરૂર તમેં તેના પર અમલ કરજો.

❋ **સરકો અને ઝૈતૂનનું તેલ**

• રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, સરકો તે બહેતરીન તરકારી છે. બહેતર પકવાન ઝૈત છે, કેમકે તે અંબિયાનું મનપસંદ પકવાન છે. તેના જમવામાં ખૂબ બરકત છે. તે ઘર તરકારીથી ખાલી ન કહેવાય જેમાં સરકો હોય.

• ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, "સરકો પેટને સુકૂન આપે છે અને દિલને ઝિંદા કરે છે."

• આપના નઝદીક એક દિન સરકો, ગોશ્ત અને ઝૈત લાવવામાં આવું. આપના સાથે એક સાહેબ હાઝિર હતા. આપ ગોશ્ત લેતા, તેને સરકા અને ઝૈતમાં ડુબાવીને તનાવુલ ફરમાવતા હતા. તે સાહેબે અરઝ કીધી કે, "શું તે બેવેને ગોશ્ત સાથે પકાવવામાં નથી આવું?" આપે જવાબમાં ફરમાવું કે, આ ત્રણે ચીઝોમાં ફાયદો છે અને આ હમારૂં અને અંબિયાનું જમન છે.

(બકીયાહ પેજ નં. ૧૦૫૨)

" અઊઝો બિલ્લાહે મિનશ શયતાનિર રજીમ " તબર્રા છે.

હું

હું નહીં હોઉં તો આ દુનિયાનું શું થાશે? મારા અધુરા રહેલા કામોને કોન પૂરા કરશે? મારો વેપાર, મારૂં મકાન, આ બધાનું શું થાશે? અરે ! સમાજમાં મારો મકામ, મારૂં માન, મારી પહેચાન, મારો મોભો, મારા બગૈર તો બધુ ભુલાઈ જાશે, અધુરૂં અધુરૂં લાગશે. આવા વિચાર ઈન્સાનને હર પલ સતાવે છે, મગર આનો જવાબ આ મુજબ છે.

મારા પાછલ મારી હસ્તી એ રીતે ભુલાઈ ગઈ,
આંગલી પાનીમાંથી નિકલી ને જગા પુરાઈ ગઈ.

અહીં તો, એક જાય કે તરત બીજો આવે, એવો કુદરતનો કાયદો છે. દુનિયા પૈદા થઈ તે વક્તથી આજ સુધી અને આજથી લઈને કેયામત સુધી આ જ કાનૂન ચાલશે, તેમાં કોઈ ફેરફાર થાવાનો નથી.

જાણે ફાડે કોઈ તારીખના બે-બે પાના,
તારા દિલથી હું, એ રીતે ભુલાઈ ગયો.

જેનામાં "અના" છે, તેને ફના છે. "અના" યાઅની હું. જે શખ્સ હું, હું ને હું જ માં રહેશે તેને ફના જ ફના છે. તે કોઈ વાર બીજાનો ખ્યાલ નહીં રાખે, લેહાઝા તે યહાઁથી જાશે તો હું નો જનાઝો લઈને જાશે. તેના જાવા બાદ, "હું" તેને લોગોના દિલો માંથી મિટાવી દેશે, "હું" ની ફનાની આંધી તેના નામો નિશાનને ખત્મ કરી દેશે. કહેવાય છે કે, **" આ દુનિયામાં જેનું પણ નામ છે, તેનો નાશ છે. "** જે શખ્સની યહાઁ વિલાદત થાય છે તે વફાત થાવાનો જ, મૌતની સવારી હર ઘરમાં આવવાની જ, વદાઅ થાનારને દુનિયા જોતી જ રહેવાની, ને પછી બીજા દિન ખુબ આસાનીથી ભુલી પણ જાવાની. યાદ કરો, આ દુનિયામાં કેવી કેવી હસ્તીઓ આવીને ગઈ, એક ઝમાનામાં તેઓનો દબદબો ઝમીન પર હતો અને આજે તેઓ ખામોશ થઈને ઝમીનમાં દફન છે.

પત્તા, ડાલી, છાયો, ખિરવું અને એવું બધું,
ક્યા નવું છે, જીવવું-મરવું અને એવું બધું.

કહેવાય છે કે, બાદશાહ સિકંદર જેએ દુનિયાને અનેક વાર સર કરેલી, તેએ મરતા પહેલા વસીયત કરેલી કે, જે વક્ત મારો જનાઝો લઈને જાવ તે વક્ત મારા બન્ને ખાલી હાથને જનાઝાની બાહર રાખજો. જેથી દુનિયા જોઈ કે સિકંદર આ દુનિયામાં ખાલી હાથે આવેલો અને ખાલી હાથે જ જઈ રહ્યો છે.

જિનકે મહેલોં મેં હઝારોં રંગ કે ફાનૂસ જલતેં થે,
આજ ઉનકી કબ સિવા ન કોઈ નામ ન નિશાન મિલતેં હે.

એ વાત હક્ક છે કે, જે શખ્સ કબ્રસ્તાનમાં જઈને કંઈ ઈબરત હાસિલ ન કરે, તે બીજી કઈ જગાથી ઈબરતને હાસિલ કરવાનો છે? ખાસ કરીને જેમના દિલ એકદમ સખ્ત છે, જે દિલમાં રહેમ રાખતા નથી, **હું પણાના કઠોર સાયામાં બીજાની વાતથી નરમ પડતા નથી,** એવા લોગો વાસ્તે નબીયુલ અઝૅ વસ સમાવાત (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, જે વક્ત પણ મૌકો મિલે તે વક્ત કબ્રસ્તાન જાવ અને તે જગા પર માટીની અંધારી ચાદરમાં મોં છુપાવીને સુતેલાઓને યાદ કરો કે તેઓ પહેલા ક્યાં હતા? આજે તેઓ ક્યા છે? આમ કરશો તો ખુદ પરની તકબ્બુરી ચકનાચૂર થઈ જાશે.

હું અને મારી દુનિયાને ઓલખવાની વાત થઈ રહી છે તે વક્ત અઈમ્મતે આલે મોહંમદ (સ.અ.) નો કૌલ યાદ આવે છે, જેમાં બયાન છે કે, ""હું" એક દુનિયા છે. આ દુનિયા લોભામણી છે. તું ઉપરથી તો સાપ જેવી લીસી છે, મગર અંદરથી ઝહેરે હલાહલ છે. તું આખિરમાં તો ધોકો દેનારી જ છે." આ હું પણાની દુનિયાને જો કોઈ જલ્દીથી ઓલખી લે અને તેના ખતરાઓથી આગાહ થઈ જાય તો તે પોતાની ઈઝઝત લોગોમાં બરકરાર રાખી શકશે. યઝીદ લઈન પણ આ બદીનો શિકાર હતો, લેહાઝા તે એવી અંધારી દુનિયામાં પટકાયો કે તે ઈમામે હક્ક મૌલાના હુસૈન (અ.સ.) જે આખેરતની શમ્અ લઈને ઊભેલા, તેને ન દેખાયા અને ભટકાઈ ગયો. યઝીદ લઈન ફનાના ખાડામાં પડો અને હુસૈની અઝાદારો આજે બકાના મીઠા પાનીના ઘૂંટ નૌશ કરી રહ્યા છે.

મૌત કે સૈલાબ મેં હર ખુશ્કો તર બેહ જાયેગા,
એક ફકત નામે હુસૈન ઈબ્ને અલી રેહ જાયેગા. ☆

" બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ " તવલ્લા છે.

દીને હક્કને મુકનારો મુરતદ્દ, મરદૂદ અને મલઊન છે

"મુરતદ્દ" અને **"મરદૂદ"** તે શખ્સને કહેવાય જે એક બાતિલ મઝહબ પર હોય અને થોડા વક્ત વાસ્તે મઝહબે ઈસ્લામ કુબૂલ કરે અને તેનો મક્સદ પૂરો થઈ જાય તો પાછો તેના પહેલેના અસ્લી બાતિલ મઝહબ તરફ દોબારહ વિલી જાય. તેએ દિલથી તો દીને ઈસ્લામ કુબૂલ કીધું જ ન હતું મગર તેનો તે ફક્ત દેખાવ હતો. ગરઝ-મતલબ પૂરો થયો યા જોયું કે હાલાત બદલાયા છે તો તે તેના જૂના દીન તરફ પલટી ગયો. મિસાલના તૌર પર આ મુરતદ્દ તે છે જે પહેલા મુશ્રિક હોય, પછી ઈસ્લામમાં દાખિલ થાય અને તે બાદ પાછો દીને શિર્ક તરફ વિલી જાય. કોઈ યહૂદી યા નસ્રાની મુસલમાન બને અને પાછો યહૂદી યા નસ્રાની બની જાય તો તીન દિન તક તેનાથી તૌબા, ઈસ્તિગફાર અને મુઆફી તલબ કરવામાં આવે, દીને હક્કપર ચાલવાની દાઅવત આપવામાં આવે, તેને સમઝાવવામાં આવે કે દીને હક્ક છોડવું કેટલો મોટો ગુનાહ છે. **જો આ મુદ્દત દૌરાન તૌબા કરી લે અને હિદાયત મુજબ અમલ કરતો થઈ જાય તો બહેતર, નહીં તો તેને ફૌરન કત્લ કરવામાં આવે.** તીન દિન બાદ તેને કોઈ મોહલત આપવામાં આવે નહીં. રિવાયતમાં છે કે, અગર કોઈ શખ્સ દીને હક્ક પર હોય, નબી-વસી-ઈમામના દૌરમાં અકીદો રાખતો હોય, ઈતરતે અહલુલ બૈત (અ.સ.) ની દાઅવતમાં માનતો હોય, દૌરે સતરમાં દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ના દરજા પર યકીન રાખતો હોય, પછી કોઈના વરગલાવવાથી, દૌલતની લાલચથી, તકબ્બુરી-હસદનો શિકાર બનીને દીને હક્કને મુકીને દાઈએ હક્કની હિદાયતથી ફિરી જાય અને તૌબા ન કરે તો તે શખ્સને પણ **"મુરતદ્દ"** ના મુજબ જ સઝા કરવામાં આવે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, જે શખ્સ દીનને બદલી નાખે તો એને કત્લ કરો. મૌ. અલી (અ.સ.) મુરતદ્દથી તૌબા તલબ કરતા જે વક્ત તે ઈસ્લામમાં આવીને ફિરી ગયો હોય અને આપ ફરમાવતા કે તેનાથી જ તૌબાનો મુતાલેબો કરવામાં આવે જે દીને ઈસ્લામમાં દાખિલ થાય અને પછી ફિરી જાય. હવે જે શખ્સની વિલાદત ઈસ્લામમાં થઈ હોય અને ફિરી જાય, **તો તેનાથી તૌબા તલબ કીધા બગૈર કત્લ કરવામાં આવે.** અગર બૈરો મુરતદ્દ થઈ જાય તો તેને કત્લ કરવામાં ન આવે મગર જહાઁ તક ઈસ્લામ ન લાવે વહાઁ તક કૈદ કરવામાં આવે. તેના મરદને પૂરેપૂરો હક્ક બને છે કે, તે મુરતદ્દ બૈરોની રઝા બગૈર બીજા બૈરોથી નિકાહ કરે. મૌ. ઈમામ મોહંમદ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, કોઈ શખ્સ મુમિન હોય, ખૈરના કામ કરતો હોય તે બાદ કોઈ ફિતનામાં વાકેઅ થઈને કુફ્ર પર આવી જાય તે બાદ તૌબા કરીને દોબારહ ઈમાનની અસ્લી સૂરત ઈખ્તિયાર કરી લે, તો એ શખ્સે ઈમાનની હાલતમાં જે અમલે સાલેહ અને ખૈરના કામો કીધા હશે તો એનો કુફ્ર એના અમલે સાલેહની જઝા અને સવાબને બાતિલ અને ઝાયેઅ નહીં કરી શકે, આ વાતના સબબ કે એ શખ્સે કુફ્રના બાદ સાચા દિલથી તૌબા કરી લીધી છે.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **"ઈન્નલ લઝીના આમનૂ સુમ્મા કફરૂ સુમ્મા આમનૂ સુમ્મા કફરૂ સુમ્મઝદાદૂ કુફ્રન. લમ યકોનિલ્લાહો લેયગફિર લહુમ"**, યાઅની કે, લોગો ઈમાન લાવા તે પછી કુફ્ર કીધો તે પછી ઈમાન લાવા તે પછી કુફ્ર કીધો તે બાદ કુફ્રમાં વધારો કીધો, એવા લોગોના ગુનાહને અલ્લાહ મુઆફ નહીં કરે. એક શખ્સ મુસ્લિમ હોય અને તે ઈસ્લામ મુકીને બીજા કોઈ દીનમાં જાય તો એ **"મુબદ્દિલ"** કહેવાય, યાઅની, દીનને તબદીલ કરનાર, તો એનાથી તૌબા તલબ કીધા બગૈર એને કત્લ કરવામાં આવે. એક શખ્સ "મુસ્તોરિદ અલ-અજલી", જે પહેલા મુસ્લિમ હતો અને પછી નસ્રાની (ક્રિશ્ચન) બની ગયો તો મૌલાના અલી (અ.સ.) એ એને એના દીન બદલવાની દલીલ વાસ્તે મુખ્તલિફ સવાલાત કીધા અને બાર બાર પૂછું કે, શું તું નસ્રાની બની ગયો છે? એ શખ્સે હર વક્ત જવાબ આપો કે, હાઁ, હું નસ્રાની છું. આખિરમાં આપે ફરમાવું કે, અલ્લાહો અકબર, તો એ મુસ્તોરિદ બોલો કે, **અલ-મસીહો અકબર, ઈસા તમામ કરતા મોટા છે, તે વક્ત આપે એને પકડીને ઝમીન પર પછાડો અને એને કત્લ કરવાનો હુકમ ફરમાવો.** મુરતદ્દ મરદથી એના બૈરોને અલગ કરી દેવામાં આવે. એ બૈરો વફાતની ઈદ્દત પૂરી કરે તે બાદ બીજા મરદ સાથે નિકાહ કરી શકે છે. મુરતદ્દના નાબાલિગ અને કમ્સિન બચ્ચાઓ મુસલમાન છે.

(બકીયાહ પેજ નં. ૮ પર)

તવલ્લા એક મુબારક દરખ્ત છે કે જેનું થડ, ડાલાઓ, ફલ, ફૂલ અને પત્તા કોઈ વક્ત સુકાતા નથી.

ઈમામુઝઝમાન (અ.સ.) ની હઝરતે તૈયેબીયહમાં ઈલ્તેજા

મૌલાને હમસે આને કા વાઅદા કીયા તો હે,
ચાહે વો જબભી આયે હમેં આસરા તો હે.

લિખ કર અરીઝા શુક્ર કા સદકા કરૂં અદા,
દૌરે સતર મેં મૌલા સે એક રાબેતા તો હે.

ક્યા ગમ હે અપને પાસ જે ઉસકા પતા નહીં,
ઉસ મહેરબાં કે પાસ હમારા પતા તો હે.

તુમ કરબલા કે ગમ સે ન હર દમ જુદા રહો,
દૌરે બલા મેં આપકા હી આસરા તો હે.

કબ દેખીયે વો લાતેં હૈં મુઝદહ ઝુહૂર કા,
ઈસા કો આસમાં પે બુલાયા તો હે.

કાઅબે કે સિમ્ત ગૌર સે ક્યૂં દેખતેં નહીં,
દીવાર પર અલી કા કસીદા લિખા તો હે.

મૈં જન્નતેં ખરીદ કે લોગો મેં બાટ દું,
દામન મેં ઈતની દૌલતે અશ્કે અઝા તો હે. ☆

તિજારત

Icon INTERIORS

લેન્ડ સ્કેપીંગ, કન્સલ્ટીંગ, ડીઝાઇનીંગ અને દરેક જાતના ઇન્ટીરીયર જેવું કે કલરકામ, પી.ઓ.પી., ઇલેક્ટ્રીક દરેક જાતના ફર્નીચર બનાવવા માટે મળો. કોન્ટ્રાકટ લેવામાં આવશે.

બી-૧૦૬, ગુલિસ્તાન એપાર્ટમેન્ટ, તૈયેબી પાર્ક,
આજવા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯.

શાહિદ સુરતી - ફોન : ૯૧૭૩૪૪૦૦૨૧. ☆

તવલ્લા એક તરબીહ મુજબ છે કે જેના દાણા અઈમ્મત અને દોઆતે હક્ક છે. આ તમામને એક સિલસિલામાં સાબિત રાખવા તેમના દરમિયાન નસ્સનો મઝબૂત દોરો છે.

તિજારત

યા અલી મદદ

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

ભાઈસાહેબ ઈબ્રાહીમ

સરનામું : વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.

સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩

Learn & Earn
Tally
Authorised Training Center & Sales Partner
MS Office
Internet
Tally ERP 9
DTP
Live Web Designing + Hosting
PGDCA Certificate Course (1 Year)
C,C++
School Syllabus,
Spoken English
GOVT. CERTIFICATION
LOKHANDWALA'S COMPUTER EDUCATION
Gendigate Main Rd., Vadodara, Ph.: 2410862
(M) 98980 86320

Mohsin S. Surti
M.: 9825552151
Ph.: 0265-2521569

M.M. GLASS

All Kind of Glass Merchants Specialist in : Alluminum Doors-Windows Partition Works.

G-1, Shalimar Flats,
Nr. Telephone Exchange,
Water Tank, Ajwa Road,
Vadodara.

મશ્વરો આપનાર પર વાજિબ છે કે તે વાતને પોતાના દિલમાં કૈદ રાખે.

મકાન વેચવાનું છે

નામ : **ઈસ્માઈલભાઈ બદરૂદ્દીન સોરંગવાલા**

એડ્રેસ : સોરંગવાલા બિલ્ડીંગ, મરકઝે હુસૈની હોલની સામે, બદરી મોહલ્લા, વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૯૪૨૯૩૧૩૩૨૮. ☆

**" અસ-સલામો અલયકુમ "
બોલનાર પર જન્નતના લોગો સલામ પઢે છે.**

તવલ્લાના સરચશ્મા અલી વલીયુલ્લાહની વલાયતને મુકનાર શયતાનના ગુમ્રાહી ભરા જાલમાં ફસાય જાય છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ સુન્નતો
ભલાઈના કામોનો હુકમ કરવો, બુરાઈથી બચવું અને હર વક્ત સાચું બોલવું : કિસ્ત - ૧૧

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) આપના ફરઝંદોંને વસીયત ફરમાવે છે કે, અય મારા ફરઝંદોં! અમીરી અને ગરીબી આ બેવે હાલતમાં તમેં દરમિયાની રવિશથી ઝિંદગી ગુઝારજો. યાઅની કે, અમીરીમાં તમેં દૌલતથી છાકી ન જાજો, કેમકે દૌલતનો છાક તે શયતાની શરાબનો નશો છે કે, જેમાં ઈન્સાન પોતાના ભાઈઓથી ભલાઈ કરવાનું ભુલી જાય છે. અમીરીમાં લોગો દૌલતને સોચા-સમઝા બગૈર ઉડાવે છે અને ખુદાના શુક્રથી અંજાન બની જાય છે. અમીરને ગરીબની ઝિંદગીનો નક્શો ઝહેનમાં રાખવો જોઈએ. ગરીબ પોતાના તંગ હાલાતના સબબ જે કઈ તેને મિલે છે તે પર ખુદાનો શુક્ર અદા કરે છે અને અમીર પોતાની દૌલતની ફરાવાનીના સબબ એમ સમઝી બેસે છે કે, તેની દૌલત હમેશા રહેનારી છે. પણ તેની આ સોચ કુસૂરભરી છે અને તેને ખુદાના શુક્રનું દામન હરગિઝ ન છોડવું જોઈએ, કેમકે તેને એ અંદાઝો નથી કે આ તો ઝમાનાનો ઈન્કેલાબ છે, કોઈ પણ ચીઝ ખાલી થાવા વાસ્તે જ ભરાય છે. પૈસાથી ભરેલા કીસા ખાલી થાતા વાર નથી લાગતી.

અય મારા ફરઝંદોં! તમેં જેમ તમારા દોસ્ત સાથે ઈન્સાફ કરો તેમ તમેં તમારા દુશ્મન સાથે પણ ઈન્સાફ કરજો. યાઅની કે, અદલ-ઈન્સાફ પર ઈમાનની ઈમારત ઉભેલી છે. તમેં ઈમામે અદલ છો અને ઈન્સાફને કાઈમ કરવો તમારી ઐન ઝિમ્મેદારી છે. ખુદાતઆલાની આ તમામ મખ્લૂકાત અને પૈદાઈશ ઈન્સાફ પર છે. એક લમ્હો પણ ખુદા પોતાની મખ્લૂક પર ઝુલ્મ નથી કરતો પણ તમામને અદલો ઈન્સાફથી રોઝી અતા કરે છે. ઈન્સાફનું તરાઝૂ તમામ વાસ્તે મુકવામાં આવશે જેમાં આઅમાલનું દફતર મુકાશે. ખુદા તેના વલીના ઝરીએ તમામના આઅમાલ મુજબ ફેસલો કરશે. આ ફેસલો જન્નતીને જહન્નમીઓથી અલગ કરશે. તે ઈન્સાફ જ હશે કે, જેના બલ પર સિરાતે મુસ્તકીમ બનેલો છે. પોતાની ઝાત સાથે અદલ કરનાર ખુદાની ખુશી પામશે. જે શખ્સે ખુદાના સાથે ઈન્સાફ કીધો યાઅની ઈમામે હક્ક સાથે પોતાને જોડી દીધો તેને યૌમે કેયામત કોઈ ઝાતનો હમ-ગમ નહીં હોય અને તે સરબલંદી સાથે પોતાના ઝમાનના ઈમામની નૂરાની હઝરતમાં શામિલ થઈ જાશે. ✯

(પેજ નં. ૬ નું બાકી)

શયતાનનું કામ જ છે ફિત્નો બરપા કરવું. હર વક્તમાં શયતાની લોગો પૈદા થયા કરે છે અને ફિત્નો ઉભો કરતા રહે છે. આ ફિત્નાખોરોને અપના દીનની અસ્લીયતની કોઈ જ ખબર હોતી નથી. ખોટી બાઝારૂં વાતો, મનઘડિત કહાની-કિસ્સાઓને સાચી ચીઝ માની લેતા હોય છે. કોઈ તહેકીકાત કીધા બગૈર તેના પર ચાલતા થઈ જાય છે. મૌ. ઈસા રૂહુલ્લાહ (અ.સ.) નો મકામ શું છે, આપની કિતાબ ઈન્જીલમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઝિક્ર કઈ તરહ છે, આપના મોઅજિઝા શું છે, આપના દૌરના ઈમામ કઈ તરહ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને મિલા, આપ કઈ તરહ મૌ. કાઈમ પાછલ નમાઝ પઢશો, આ તમામ બયાનાત અપની કિતાબોમાં દરજ છે. **પણ એક શયતાન ઉઠો છે જે જમાઅતના લોગોમાં મૌ. ઈસા વાસ્તે ગલત-સલત વાતોં ફેલાવે છે અને જવાનોંને બહેકાવે છે.** પોતે નસ્રાની-ઈસાઈ બનવાનો દાઅવો કરે છે. જે પોતાના આબાઈ મઝહબને ન સમઝી શકો તે બીજા મઝહબ પર શું ચાલશે! આવા મુરતદ લોગોથી મુમેનીનને સાચવીને રહેવું જોઈએ. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને મૌ. અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.) ના આ પાક-સાફ, કામિલ, તૈયેબ-તાહિર દીનને મુકનાર ખુદા અને ખુદાના ફરિશ્તાઓની લાઅનતનો હક્કદાર છે. જે દીનનો ઈન્તેઝાર તમામ અંબિયાને હતો અને જેઓએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને આપના અહલુલ બૈતને યાદ કરીને દોઆઓ કીધી હતી તે દીને હક્કને કેમ મુકાય! મુમેનીનને આવા મલઊન લોગોને ઓલખીને તેમના સાથે તમામ રિશ્તા-તઅલ્લુકાત તોડી નાખવા જોઈએ અને તેઓના આ અમલે બદને ખુલ્લા પાડવા જોઈએ.

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

મુમેનીનની જમાઅતમાં દાઈની શિકલમાં તવલ્લા કરવા વાસ્તે એક સાહેબ તો હશે જ, જેમ એક કાઅબાની મૌજૂદગી છે.

ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ – કિસ્સો : ૧૬

માઁ-બાવાજીની ખિદમત : વાલેદૈનની દોઆ ખિદમતગુઝાર ઔલાદના હક્કમાં કેટલી પુરઅસર હોય છે.

ખુદાતઆલાએ સુલૈમાન નબી (અ.સ.) ને વહ્ય કરીને હુકમ કીધો કે, અય મારા નબી! તમેં દરિયાના ફલાઁ કિનારા પર જાવ અને તે જગા પર મારી કુદરતની અજાયેબાત-ગરાએબાતનો નકશો જોવ. મૌ. સુલૈમાન એક નબી હતા, ખુદાના પસંદીદહ બંદા હતા, લેહાઝા આપના હુકમને તાબેઅ ઈન્સાન સાથે જિન્નાત પણ હતા. સુલૈમાન નબી ઈન્સાન અને જિન્નાત માંથી એક-એક જમાઅત લઈને ફરમાને ઈલાહી મુતાબિક દરિયા કિનારે પહોંચા. જિન્નાતની જમાઅત માંથી એક ઈફરીતને સુલૈમાન નબીએ કહ્યું કે, અય જિન્ન! તું ડૂબકી મારવામાં માહિર છે, લેહાઝા આ દરિયાની ગહેરાઈ તક ડૂબકી લગાવ અને તેમાં જે કઈ તુંને અજીબો ગરીબ ચીઝ હાથ લાગે તેને લઈ આવ. ફરમાન મુજબ ઈફરીતે ઘણી ડૂબકીઓ મારી પછી આવીને સુલૈમાન નબીને કહ્યું કે, એક મહીના તક કોઈ આ દરિયામાં તૈઝ તૈરાકી કરે એટલા ફાસલા તક હું પૂરા દરિયામાં આમતેમ ફિરીને છાનબીન કરીને પાછો આવો છું પણ કોઈ એક ચીઝ મને હાથ ન લાગી.

સુલૈમાન નબીએ પોતાના વઝીર મૌ. આસિફ બિન બરખીયાને કહ્યું કે, ખુદા તમને આ દરિયામાં ડૂબકી મારવાની કૂવત અતા કરે, તમેં આ કામને અંજામ આપી શકો એમ છો! તો તમેં જાવ અને ખુદાએ આ દરિયામાં મુકેલી પોતાની અજીબ નિશાનીને તલાશ કરીને લાવો. આપ ગયા અને ચંદ લમ્હા બાદ પાછા આવા. આપે કહ્યું કે, અય નબી! મેં તીન મહીનાની તૈરાકીનો ફાસલો તય કરીને ગયો તો મેં જાયું કે, એક કાફૂરી ગુંબદ (કુબ્બહ) ની ઈમારત છે જેમાં એક હસીન જવાન નમાઝ પઢી રહ્યો છે. **સુલૈમાન નબી ખૂબ ખુશ થયા અને કહ્યું કે, અય મારા વઝીર! આ જ તો અપની મકસૂદ ચીઝ છે.** અય આસિફ! તમેં જાવ અને તે કાફૂરી ગુંબદને લઈને આવો. આસિફ આઁખની એક ચિમકાર જેમ ગયા અને તે જ રફતારથી ગુંબદ લઈને પાછા આવા.

સુલૈમાન નબી ગુંબદ જોઈને આફરીન પુકારી ઉઠા અને આપ તેનામાં દાખિલ થયા. આપે જવાન પર સલામ પઢો તો જવાને આપની તાઅઝીમો તકરીમ કીધી. નબીએ પૂછું કે, અય જવાન! તમેં કેટલા વક્તથી આ ગુંબદમાં છો? જવાને જવાબ આપો કે, મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) ના વક્તથી, યાઅની બે હઝાર ચારસો સાલથી. નબીએ દરયાફત કીધું કે, તમારો આ મુજબ આ ગુંબદમાં આવવાનો સબબ શું થયો? જવાને કહ્યું કે, અય સાહેબ! મારા માઁ-બાવાજી બેવે અપંગ હતા. મારી વિલાદત બાદ ચંદ સાલ પછી તેઓ બીમારીમાં મુબ્તેલા થયા હતા. મેં ૬૦ સાલ તક બેવેની ખિદમત કીધી. જે વક્ત મારા માઁના ઈન્તેકાલનો વક્ત આવો તે વક્ત માઁએ મારા વાસ્તે દોઆ કીધી કે, **અય દીકરા! ખુદા તારી ઝિંદગીને મુબારક કરે, તારી ઉંમરને દરાઝ કરે.** ચંદ સાલોં બાદ બાવાજીના ઈન્તેકાલના વક્ત બાવાજીએ મારા વાસ્તે દોઆ કીધી કે, ખુદા તુંને તેની તાઅત કરવા પર મદદ કરે અને શયતાનના મકરો દગાથી દૂર રાખે.

બેવેના ઈન્તેકાલ બાદ એક દિન હું યહાઁ દરિયા કિનારા પર આવો તો આ જગા પર આ આલીશાન કાફૂરી ગુંબદ મુકેલો હતો. મને હુકમ કરવામાં આવો કે, મેં તેનામાં દાખિલ થાઉં. પહેલા તો મને ઘણો ખૌફ થયો પણ પછી ખુદાએ મને અમાન આપું. જે વક્ત મેં તેનામાં દાખિલ થયો તો ખુદાના ગૈબી ખાદિમોંએ મને આ ગુંબદ સાથે દૂર દરિયામાં, તેના પાનીની ઊંડી ઝમીનમાં પહોંચાવી દીધો જહાઁથી આ આસિફ મને આપના પાસે લાવા છે. સુલૈમાન નબીએ પૂછું કે, અય જવાન! ખુદાના કરમથી વરસો ગુઝરી ગયા અને તમેં આ ગુંબદમાં તમારી ઝિંદગી બસર કરો છો, તો યહાઁ તમારા વાસ્તે જમવાનો શું ઈન્તેઝામ છે? તેએ કહ્યું કે, રોઝ આ ગુંબદના દરવાઝા માંથી એક સફેદ પરિંદું આવે છે, તેની ચોંચમાં મારા વાસ્તે દાડમ જેવી એક ચીઝ લાવે છે, જે બિલકુલ લતીફ, પાક-સાફ અને મધ જેવી મીઠી હોય છે. **તે ફલને હું જમી જાઉં છું જેનાથી મને કોઈ વક્ત ભૂખ, પ્યાસ, ડર, વહેશત, શહવત, સુસ્તી કે ઊંઘ આવતી નથી.**

જવાનની આ બયાની સાંભલીને સુલૈમાન નબી બેહદ ખુશ થયા અને ઈન્સો જાનની જમાઅતને મુખાતિબ થઈને

(બકીયાહ પેજ નં. ૧૦૫૨)

તવલ્લા કરનાર મુમેનીનના ઈઝ્ઝતો જલાલની હિફાઝત ખુદાતઆલાના ઝિમ્મે છે.

(પેજ નં. ૯ નું બાકી)

ફરમાવું કે, તમેં આ જવાનની માઁ-બાવાજી વાસ્તે ખિદમતની દાસ્તાન સાંભલી અને ખુદાએ તેના સિલામાં જે આ જવાનને ઈનાયત કીધું છે તે જોયું, તો યાદ રાખજો કે, **માઁ-બાવાજીની નેક દોઆથી ઔલાદની ઉંમર મુબારક અને દરાઝ થાય છે.** આનાથી બર-અક્સ તે ઔલાદ છે જે જન્નતરૂપી વાલેદૈનની ખિદમતને ઝાયેઅ કરી દે છે, વાલેદૈન પર અહેસાન કરવાના બદલે તેમને દુ:ખ અને બેઈઝઝતી આપે છે, ઘરમાં આસરો આપવાના બદલે તેમને બેઘર અને બેસહારા કરી દે છે, સાથે જમાડવાના બદલે તેમને જમન વાસ્તે હાથ ફેલાવવા પર મજબૂર કરી દે છે. વાલેદૈન સાથે આવો સુલૂક કરનારી ઔલાદની ઉંમરને ખુદા ઘટાડી દે છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "અય મુમેનીન, અય અક્લના સાહેબો! તમેં સઘલા ખુદાથી ડરતા રહો, શાયદ કે, ખુદા તમારી પરહેઝગારીના સબબ તમને ફલાહો બહેબૂદી અતા કરે. તમેં તમારા માઁ-બાવાજીની તાઅત-ખિદમત કરો અને તમારી ખતાઓની મુઆફી માંગો." એવું ન થાય કે, માઁ-બાવાજી ફૌત થઈ જાય અને તેમની ખિદમત કરવાની હસરત તમારા દિલોંમાં જ રહી જાય. પછી તમેં તમારી ઝાત પર અફસોસ કરશો, ખૂબ પછતાશો અને શરમિંદગી સિવાય તમારા પાસે કઈ બાકી નહીં રહે. **તમામ દુનિયાવી ચીઝોં તમને મિલી જાશે, તમેં દૌલતથી હાસિલ કરી લેશો પણ માઁ-બાવાજી હાસિલ નહીં થાય.** ઘણી વક્ત એમ બને છે કે, ઈન્સાનની ઉંમર ખત્મ થાતી જાય છે અને એની ગફલતના લીધે આખિરમાં હસરત રહી જાય છે. ગફલતની ઊંઘથી ઉઠા બાદ ઘણું બધું કરવાનું મન ચાહે છે પણ બીમારી, ઝઈફી અને જિસ્માની કમઝોરીના સબબ એની તમામ હસરતો બેસી જાય છે. ઈમામે આલે મોહંમદ (સ.અ.) ફરમાવે છે કે, અય એબાદલ્લાહ, "તમેં માઁ-બાવાજીની હર હાલમાં ખિદમત કરા કરો, તેમની નાફરમાની ન કરો. તેઓએ તમારા નાનપણમાં તમારી હર લિહાઝથી હિફાઝત કીધી, તમારી હર હાજિતોંને પૂરી કીધી, તો તમેં પણ તમારા માઁ-બાવાજી પર તેમની બુઝુર્ગીમાં રહેમ કરો, તેમના નઝદીક બેસીને તેમની હિદાયત સાંભલો, શાયદ કે તમેં કામિયાબ થાવ." ✯

(પેજ નં. ૧૧ નું બાકી)

હવે લોગો માંથી એવા પણ હતા જેમની પાસે શયતાન એ તરહ ગયો કે, એને શક-શુબેહમાં નાંખી દીધા. ફરઝો-વાજેબાતને ઘણા ભારી અને મુશ્કિલ બતાવીને તમામ હરામ ચીઝોને એના વાસ્તે મુબાહ કરી આપી, છૂટછાટ આપી દીધી અને દીની અહકામને પોતાની મરઝી મુજબ જ કરવામાં આસાની બતાવી. આમ આ લોગો મુસ્લેમીનના ઝુમ્રા માંથી પણ નિકલી ગયા અને શયતાનની ગહેરી ચાલમાં ફસાઈ ગયા.

આ તરહ ખોટી-ખોટી તફસીર-તાવીલ અને બદતરીન ફાસિદ જૂઠી દલીલોથી શયતાને આ ત્રણે કિસ્મના લોગોને બહેકાવા, યહાઁ તક કે, એ લોગો ઝલાલત, શકાવત અને ખસારામાં આવી પડા અને દીનો ઈમાનના લોગોના ઝુમ્રા-જુમ્લાથી બાહર થઈ ગયા. હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ના વસીલાથી હમેં અલ્લાહના નઝદીક દોઆ કરી સવાલ કરીએ છીએ કે, અલ્લાહ હમને દીને હક્કથી બહેકવાથી બચાવે અને દુનિયાથી હમને એ હાલતમાં ગુઝારે કે, હમેં દીનો ઈમાનની સલામતી પર હોઈએ, અહદો મીસાકને ઝર્રા બરાબર પણ તોડો ન હોય, શરીઅતમાં રદ્દો બદલ કીધો ન હોય, હમારા ઉપર અલ્લાહનો ગઝબ ન થયો હોય અને હમેં ગુમ્રાહ ન હોય. આમીન... ✯

(પેજ નં. ૪ નું બાકી)

❋ **ખજૂર**

- રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ખજૂરને પસંદ કરતા અને એમ ફરમાવતા હતા કે, ખજૂર જન્નત માંથી છે.
- ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, એક સાહેબ આપના નઝદીક જમનમાં હાઝિર હતા. જમન બાદ આપે આપના ખાદેમાને હુકમ કીધો કે, "તમારા નઝદીક જમનમાં કઈ હોય તો લાવો." તે ખાદેમા ખજૂર લઈને હાઝિર થયા તો તે સાહેબ બોલા, "આ તો તાઝા ફલોં અને અંગૂરની મૌસમ છે", હકીકતમાં તે વક્ત ગરમીની મૌસમ હતી. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, અય સાહેબ! તમેં ખજૂર ખાઓ, તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના અખ્લાક માંથી છે. ખજૂરમાં કોઈ બીમારી નથી.
- અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, "સુવાવડા બૈરોને દૂધ સાથે ખજૂર સિવાય બીજી કોઈ ચીઝ શિફા આપનારી નથી. કેમકે, ખુદાતઆલાએ માઁ મરિયમ (અ.સ.) ને સુવાવડમાં ખજૂર જમવાનો હુકમ કીધો હતો.
- રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "જે શખ્સ સુતા પહેલા સાત ખજૂર લેશે તો તેને ચુંક (colic) ની બીમારીથી શિફા હાસિલ થાશે. તેના પેટમાં કીડા-કિરમ મરી જાશે. ✯

તબર્રા-બરાત કરવું એવો ભારી અમર છે કે હક્કની દાઅવતના ચુનંદા ફરઝંદો જ તેના પર અમલ કરી શકે છે.

ઈમામ, મખ્લૂકાતે રબ્બાનીના સેન્ટર છે. કિસ્ત - ૯

અઈમ્મતુલ હોદા અલયહિમુસ્સલામ અલ્લાહના મખ્લૂક માંથી એક મખ્લૂક છે અને અલ્લાહના બંદાઓ માંથી મખ્સૂસ-ચુનંદહ બંદાઓ છે. આ આલે મોહંમદ (સ.અ.વ.વ.) ના પાક ઈમામમો માંથી હર ઝમાનમાં ઈમામુઝઝમાનની તાઅત, વલાયત, મવદ્દત, મહબ્બત અને ફરમાંબરદારીને એ ઝમાનના લોગો ઉપર અલ્લાહે ફરઝ કીધી છે; અને એ હર હાલમાં વાજિબ કીધું છે કે લોગો ઝમાનના ઈમામના હુકમને અને અમરને તસ્લીમ કરે, હર ફરમાનને માની લે. અલ્લાહે ઈમામોને ખલ્કના રાહબરો અને બંદાઓના ખૈરખ્વાહો બનાવા છે કે, એ સઘલા અલ્લાહને તરફ લોગોને બોલાવે. અલ્લાહે પોતાની કિતાબમાં ઈમામોની તાઅતને પોતાની તાઅત અને પોતાના રસૂલની તાઅતથી જોડેલી છે અને આ સઘલા ઈમામો અલ્લાહની ખિલ્કતમાં ઝમીનમાં અલ્લાહના હુક્મ્તો છે અને લોગો દરમિયાન અલ્લાહના ખલીફાઓ છે. ઈમામો વાસ્તે ગુમ્રાહ લોગો, જૂઠ-બનાવટ કરનારાઓના ખરાબ અકીદાઓની તરદીદ અને બેબુનિયાદ વાતોની હકીકત એ છે કે, આ ઈમામો (અ.સ.) કઈ ખુદાઓ નથી, રબ અને ખાલિક નથી, ન અંબિયા-મુરસલીન છે, ન એને તરફ વહ્ય આવે છે જેમ અંબિયાની તરફ આવે છે, ન એ સઘલા તે ગૈબને જાણે છે કે જે ગૈબને અલ્લાહે પોતાની મખ્લૂકથી છુપાવેલું છે અને પોતાના અંબિયાને પણ તેનાથી આગાહ કીધા નથી; તે ગૈબમાંથી અંબિયા એટલું જ જાણી શકે જેટલું અલ્લાહે તેઓને બતાવું છે. હવે ઈમામો આ ગૈબના આલિમો નથી જેમ જૂઠા-ફિત્નો કરનાર લોગો ઈમામોના મુતઅલ્લિક અકીદા રાખે છે. અલ્લાહતઆલાની ઝાતમાં ન માનનાર અને એના ઈમામોને ઝુટલાવનારા મુલ્હિદ લોગો અને એનો ઈન્કાર કરનાર ગુમ્રાહ લોગોથી અલ્લાહ બલંદતર છે અને પોતાના ઔલિયા કિરામને આ બધી લગ્વ, બકવાસ અને તોહમતભરી વાતોથી પાકો સાફ-મુનઝઝાહ કીધા છે.

અલ્લાહના ઔલિયા અઈમ્મતે અત્હાર (અ.સ.) અલ્લાહના તે શાનના હુક્મ્તો છે કે, તેમની તાઅત બગૈર બંદાના કોઈ આઅમાલ અલ્લાહને નઝદીક મકબૂલ નથી. **જે લોગો તેમની તાઅત અને વલાયતના અહલ છે, દામનમાં છે, તેને જ તાઅતની જઝા મિલશે.** ઈમામોના દુશ્મનો, આસીયો અને એના મુકાબિલ બીજાને ઈમામ બનાવનારને કોઈ જઝા નહીં મિલે. અઈમ્મતે આલે મોહંમદ (સ.અ.) ના મોહિબ્બો અને આશિકોની શયતાન સખ્તમાં સખ્ત અદાવત કરવા લાગો જેથી તેએ જેમ એ મોહિબ્બોના માઁ-બાવા (આદમ-હવ્વા) ને ધોકાથી ફિસલાવા હતા તેમ એને પણ ફિસલાવી દે. નતીજો એ થયો કે, બંદાઓ માંથી ઘણાને શયતાને રાહે રાસ્ત પરથી ફિસલાવી દીધા, ગુમ્રાહ કીધા અને ફરૈબમાં નાંખા, તેઓને મનમાની અને હવાનફસી પર લઈ આવો, તો એ લોગો ફાયદાના બાદ નુકસાન તરફ અને સઆદતના બાદ ભુંડાશ તરફ અને તાઅતના બાદ નાફરમાની તરફ વલી ગયા. આ બધામાંથી હર એકને નઝદીક શયતાન જેમ જેમ તેનાથી મુમ્કિન બનું, ગયો અને હરએક ઉપર પોતાના ઘોડેસવારો અને પયદલ લશ્કરોથી ચઢાઈ કીધી.

હવે લોગો માંથી જે શખ્સ કમસમઝ, કોતાહ અક્લ અને હવાપરસ્ત હતો એને શયતાને બહેકાવી ફિસલાવીને ઈમામો (અ.સ.) ના ઈન્કાર કરવા પર આમાદહ કીધો. આ તરહના લોગો નિફાક, બેફરમાની, કુફ્ર અને જેહાલત પર આવી ગયા.


હવે લોગો માંથી જે શખ્સ આલિમ, આકિલ અને તૈઝ સમઝનો હતો, ઝહીન હતો તેને શયતાન સાચી રાહથી ભટકાવી ન શકો જેમ એને કમસમઝ-નાદાન લોગોને ફિસલાવા બહેકાવા હતા. તો શયતાન આ સમઝદાર શખ્સને તેના દગા-ફરૈબની જાલમાં ફાંસવા વાસ્તે એ શખ્સના પસંદીદહ તરીકાથી, એની મનભાવતી ચીઝોના રસ્તાથી, એ ખુશ થાય એવી હૈસીયતથી એના પાસે પહોંચો અને પછી મીઠા-મીઠા ખુશગવાર લહેજામાં ગુફ્તગૂ કરવા લાગો, દીનની ચર્ચા કરવા લાગો અને જૂઠી બનાવટી વાતોનો રંગ ચઢાવીને એને સમઝાવો અને અઈમ્મતુલ હોદા (અ.સ.) ની શાને અઝીમમાં, તેમના બલંદ મકામમાં એ શખ્સને ગૌરો ફિક્ર કરવાની ચાટ લગાવી. આ તરહની દલીલો પૈશ કરીને સમઝાવવાની કોશિશ કીધી કે, **"ઈમામો તો ખુદાઓ છે, રબ છે, મખ્લૂક માંથી નથી, તેઓ તો અંબિયા મુરસલીન છે."** જેટલું જેટલું શયતાનથી બનું એટલી ચાલાકી અને હુશિયારી તેએ એ શખ્સને ઈમામોને તેમના દરજા કરતા વધારે બલંદ મકામ આપવા પર ગુમ્રાહ કીધો.

(બકીયાહ પેજ નં. ૧૦૫૨)

ગદીરે ખુમ્મમાં ખુદાના વસી મૌ. અલી (અ.સ.) ની તવલ્લાનો ઈકરાર ઝબાનથી કેટલાએ કીધો અને દિલથી કેટલાએ કીધો!

તૈયેબી મીલાદના મૌકા પર કલામે તૈયેબ

હરએક સે આઅલા, હરએક સે બાલા,
જહાઁ કે મૌલા ઈમામ તૈયેબ.
હે સબસે જિનકા શરફ નિરાલા,
જહાઁ કે મૌલા ઈમામ તૈયેબ.
દિખાએ રૂએ મુબીં જો અપના,
સિયાહી સબ કુફ્ર કી હો સપના,
નઝર પડે હર તરફ ઉજાલા,
જહાઁ કે મૌલા ઈમામ તૈયેબ.
નબી-વસી સે જો ઉનકો જાને,
વો ક્યૂં ન દીને ખુદા કો માને,
સમઝ કે ફિરદૌસ કા કબાલા,
જહાઁ કે મૌલા ઈમામ તૈયેબ.
હમારે હાદી હમારે રહેબર,
હમારે આકા હમારે અફસર,
અયાં હે સબ પર યે નામવાલા,
જહાઁ કે મૌલા ઈમામ તૈયેબ.
હે આજ હઝરત કા જશને મીલાદ,
તમામ અહલે વલા કે દિલશાદ,
ખુશી કા થાર સૂ ઉજાલા,
જહાઁ કે મૌલા ઈમામ તૈયેબ.
જો હોતે હમરાહ આપ મૌલા,
ખુશી ઝમાને મેં હોતી ઔલા,
નસીબ હમ સબકા હોતા બાલા,
જહાઁ કે મૌલા ઈમામ તૈયેબ.
જો શાહ મૌલા ઝિયા હૈ દાઈ,
તુમ્હારે નાઈબ જહાઁ કે રાઈ,
ઉન્હેં રખે ઝિંદા હક્કતઆલા,
જહાઁ કે મૌલા ઈમામ તૈયેબ. ☆



(પેજ નં. ૮ નું બાકી)

હાલના વક્તમાં જે દીકરીઓ દીને હક્ક મુકીને બીજા મઝહબના મરદો સાથે શાદી કરીને ઈઝદેવાજી ઝિંદગી-સંસાર બસર કરે છે તો એ અપની જમાઅતથી ખારિજ છે, બાહર છે, જેને શરીઅતના કાનૂન મુજબ કૈદ કરી દેવાનો હુકમ છે. આ દીકરીઓને અપની જમાઅત સાથે એક ઝર્રા બરાબરનો પણ તઅલ્લુક અને સરોકાર નથી. અગર દોબારહ એ દીકરીઓને જમાઅતમાં શામિલ થાવું હોય તો દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ને પૈમાનો મીસાક આપવો પડે અને કુફ્રની હાલતથી પાકીઝગી ઈખ્તિયાર કરવી પડે. આ સૂરત એ વક્ત નમૂદાર થાય જે વક્ત બેવે મરદ-બૈરો દીને હક્કને ઈખ્લાસ સાથે કુબૂલ કરવા ચાહતા હોય યા દીકરીનો મરદ ગુઝરી જાય યા દીકરી એના મરદને તલાક આપવા માંગતી હોય. કોઈ દીકરી શાદી વાસ્તે એક વક્ત દીને હક્કથી રૂગરદાની કરે તો જહાઁ તક ખુલૂસ દિલથી તૌબા ન કરે વહાઁ તક એ દીનમાં શામિલ થઈ શક્તી નથી. આખિરમાં અલ્લાહ જલ્લાશાનોહુ હુઝૂરે પુરનૂર (ત.ઉ.શ.) ની દોઆથી હમને રાહે રાસ્ત પર મઝહબે પંજતની પર અને દીને પાક પર હર વક્ત ગામઝન રાખે. ☆

અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફ્તુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.

નોંધ : મિશ્કાતુલ-હાદીના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુંબઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

સાલાના લવાઝેમાત (Yearly Subscription)
₹ ૧૦૦/- (પોસ્ટેજ સાથે)
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તારવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔

بِسْمِ اللّٰهِ النُّوْرِ، بِسْمِ اللّٰهِ نُوْرِ النُّوْرِ، بِسْمِ اللّٰهِ نُوْرٌ عَلٰى نُوْرٍ، بِسْمِ اللّٰهِ هُوَ مُدَبِّرُ الأُمُوْرِ، بِسْمِ اللّٰهِ الَّذِي خَلَقَ النُّوْرَ، وَأَنْزَلَ النُّوْرَ عَلَى الطُّوْرِ، فِي كِتَابٍ مَّسْطُوْرٍ، عَلَى النَّبِيِّ الْمَحْبُوْرِ، بِسْمِ اللّٰهِ الَّذِي هُوَ بِالْعِزِّ مَذْكُوْرٌ، وَبِالْفَخْرِ مَشْهُوْرٌ، وَعَلَى السَّرَّآءِ وَالضَّرَّآءِ مَشْكُوْرٌ، وَصَلَّى اللّٰهُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّاهِرِيْنَ۔

બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ

બિસ્મિલ્લાહિન્નૂર. બિસ્મિલ્લાહિન્નૂરિન્નૂર. બિસ્મિલ્લાહે નૂરૂન અલા નૂર. બિસ્મિલ્લાહે હોવા મુદબ્બિરૂલ ઉમૂર. બિસ્મિલ્લાહિલ્લઝી ખલકન્નૂર. વ અન્ઝલન્નૂરા અલત્તૂર. ફી કિતાબિમ મસ્તૂર. અલન્નબીયિલ મહબૂર. બિસ્મિલ્લાહિલ્લઝી હોવા બિલ ઇઝ્ઝતે મઝ્કૂર. વબિલ ફખ્રે મશ્હૂર. વઅલસ સર્રાએ વઝ ઝર્રાએ મશ્કૂર. વસલ્લલ્લાહો અલા મોહંમદિવ વઆલેહીત્તાહેરીન.

-::: તશ્રીહ (સમઝ) :::-

અલ્લાહ સુબ્હાનહૂ હકીકી નૂર છે. નૂરૂલ અન્વાર છે. અન્વારને મુનવ્વર કરનાર છે. એના ફરિશ્તાઓ નૂર છે. નબીએ કરીમ મોહંમદ (સ.અ.વ.વ.) નૂર છે અને આપની આલે મુબારક નૂર છે. તમામ અંબિયા, ઔલિયા, ઔસિયા ઈલાહી અન્વાર અને મઆરિફના મુજસ્સેમા છે, પૈકર છે, આઈના છે. કુરઆને હકીમ નૂર છે. **મુમિન ખુદ એક નૂરનો હિસ્સો છે. ઇબાદતે મુમિન નૂર છે.** અમલે મુમિન નૂર છે. બુઢાપો-સફેદ દાઢી પણ નૂર છે. અલ્લાહતઆલાએ પોતાના કલામને નૂરની શિકલમાં ઢાલીને અંબિયા (અ.સ.) પર નાઝિલ કીધું અને આ નૂરએ એક કિતાબની શિકલ ઈખ્તિયાર કીધી જે કિતાબના મુહાફિઝ અઈમ્મતે તાહેરીન (અ.સ.) છે. તે અલ્લાહના નામથી ઈબ્તેદા થાય છે જેની ઝિક્ર ઈઝ્ઝતથી થાય છે, જેની શોહરત ફખ્રથી થાય છે અને જેનો સખ્તી અને સેહલાઈમાં શુક્ર અદા થાય છે. અલ્લાહતઆલા સલવાત પઢજો મોહંમદ (સ.અ.વ.વ.) પર અને આપની આલે પાક (અ.સ.) પર.

-::: ઈરશાદ (બયાન) :::-

જે કોઈ શખ્સ આ દોઆને રોઝાના જોશે, પઢશે અને એમાં છુપેલી હિકમતની માઅરેફત રાખશે તો અલ્લાહતઆલા એને કુરઆને પાકની તમામ **બરકાત**થી નવાઝશે, દાઅવતની **વલાયત** તરફ એના દિલને મોડશે, માઈલ કરશે, આઁખોની **રૌશની**માં ઈઝાફો કરશે, દુનિયાની સખ્તીથી દિલને **ઇત્મિનાન** અને સુકૂન બખશશે. અહલે બૈત (અ.સ.) થી રિવાયત છે કે, જે કોઈ શખ્સ આ દોઆને હમારા દરજાની માઅરેફત સાથે ફજરની નમાઝ બાદ રોઝ પઢશે તો અલ્લાહ એને આ અમલના ફૈઝના સબબ જન્નતની નેઅમત અતા કરશે. ☆